**ફોજદારી કેસ નંબર : ૫૫૮/૨૬**

જુનાગઢ ના મહે. બીજા એડી.ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : જુનાગઢ

## આંક–૧ લગત હુકમ

**ગુન્હો :–જી.પી.એકટ ૧૩૫ મુજબ**

**– :: ઠરાવ :: –**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમા જણાવેલ તારીખે અને સ્થળે જાહેરમા પોતાના કબજામાં હથિયાર ધારણ કરી મળી આવી મહે.જીલ્લા મેજી.શ્રીનાં હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી આજરોજ અદાલતમાં આરોપી પ્રથમ તબકકે ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરેલ છે. કબુલાત પુરસીસથી જણાવે છે કે તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોઈ અજ્ઞાનતાથી ગુન્હો થયેલ છે. જેથી દયા દાખવવા રજુઆત કરેલ છે.

(૩) સદરહુ આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. આરોપીએ જાણી બુજીને ગુન્હો કરેલ ન હોય, તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ થાય તે હેતુથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**– :: હુકમ :: –**

(૧) આ કામના **આરોપી–રયાન ઉર્ફે ભુરો મહમ્મદભાઈ બેલીમ, રહે.જુનાગઢવાળાને** બી.એન.એસ.એસ કલમ–૨૭૮ અન્વયે તેની સામે આક્ષેપિત જી.પી.એકટ ૧૩૫ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી **રૂા. ૫૦૦ /**–અંકે રુપિયા પાંચસો પુરાનો દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન–૩ ( ત્રણ ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)**
બીજા એડી.ચીફ જયુડી. મેજી.
જુનાગઢ
કોડ નં–જીજે ૦૧૪૭૫